दाखल थया तारीख: १५/०७/२०१४

રજી.લીધા તારીખ : ૧૫/૦૭/૨૦૧૪

ફેસલ થયા તારીખ: ૦૯/૦૪/૨૦૨૬

સત્યમેવ જયતે

---

ભિલોડાના મહે. એડી.ચીફ જ્યુડિશિયલ મેજી.સાહેબશ્રીની કોર્ટમાં,મું .ભિલોડા.

---

ક્રિ. કેસ નંબર–૯૨૧/૨૦૧૪

આંક–૩૪

ફરીયાદી:– શ્રી સરકાર
(શામળાજી પો.સ્ટે.સેકન્ડ ગુ.ર.નં.૩૦૬૦/૨૦૧૪)

વિરૂધ્ધ.

આરોપી :– (૧) રામદાસ સ/ઓ કુતુલાલ અયોધ્યાદાસ ચૌહાણ
રહે.હરગાવ, તા.રામનગર ,જી.સીતાપુર(ઉતર પ્રદેશ)
હાલ.રહે.રૂદરડી. તા.ભિલોડા,જી.અરવલ્લી

---

ગુન્હો : ધી. આર્મ્સ એકટની કલમ –૨૫(૧–બી) મુજબ.

---

ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી બી.આઈ.મનસુરી

આરોપી તરફે વિધ્વાન વ. શ્રી આર.જે.ડાભી

---

–:: ઠરાવ ::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપીએ ગઈ તા.૦૬/૦૪/૨૦૧૪ ના કલાક ૧૪:૩૦ વાગ્યાના સુમારે મોજે રૂદરડી ગામે ગેર કાયદેસર અને વગર લાયસન્સે પોતાના અંગ કબજામાં દેશી તમંચો

નંગ–૧ કિંમત રૂપિયા.૫૦૦૦ /– તથા બે જીવતા કારતુસ કિંમત રૂપિયા ૧૦૦/– મળી કુલ.રૂા.૫૧૦૦/– ના મુદામાલ સાથે પોલીસ રેઈડ દરમ્યાન પકડાઈ જઈ મહેરબાન જિલ્લા મેજી.સાહેબશ્રીના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ધી.આર્મ્સ એકટની કલમ–૨૫(૧) (બી) મુજબના શિક્ષા ને પાત્ર ગુનો કર્યાની અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ તથા વોરંટ કરતા તેઓ મળી આવતા ન હોય આરોપીની ગેરહાજરીમાં ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૯૯ મુજબ પુરાવો નોંધવાનો હુકમ થયેલ.

(૩) ત્યારબાદ ફરિયાદપક્ષે તરફથી સદરહુ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

<u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો</u>

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ નવલસિંહ અનોપસિંહ જાડેજાની જુબાની | ૨૦ |
| ૨. | પંચનામું | ૨૧ |
| ૩. | પંચસાહેદ અરોરા મનીષકુમાર હરબંસલાલની જુબાની | ૨૨ |
| ૪. | પંચસાહેદ ધનજીભાઈ હરજીભાઈ ભરાડાની જુબાની | ૨૩ |
| ૫. | પંચનામું | ૨૪ |
| ૬. | ફરીયાદી દેવુસિંહ હાલુસિંહ ગઢીયાની જુબાની | ૨૬ |
| ૭. | ફરીયાદ | ૨૭ |
| ૮. | પંચસાહેદ ગોવિંદભાઈ સુરજીભાઈ ભરાડાની જુબાની | ૨૯ |
| ૯. | પંચનામુ | ૩૦ |
| ૧૦. | સાહેદ એ.એસ.આઈ. વિરભદ્રસિંહ રણજીતસિંહની જુબાની | ૩૧ |

| | | |
|---|---|---|
| ૧૧. | સાહેદ એ.સી.પી. પ્રકાશચંદ્ર કાનજીભાઈ પટેલની જુબાની | ૩૩ |

(૪) આ કામમાં ફરિયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી.બી.આઈ.મનસુરી તથા બચાવવ પક્ષે વિ.વ.શ્રી આર.જે.ડાભીની દલીલો સાંભળી.

(૫) ઉપરોકત હકીકત તથા પડેલ પુરાવાઓ ઉપરથી આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદાઓ ઉપસ્થિત થાય છે.

મુ દા ::-

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૦૬/૦૪/૨૦૧૪ ના કલાક ૧૪:૩૦ વાગ્યાના સુમારે મોજે રૂદરડી ગામે ગેર કાયદેસર અને વગર લાયસન્સે પોતાના અંગ કબજામાં દેશી તમંચો નંગ-૧ કિંમત રૂપિયા.૫૦૦૦/-તથા બે જીવતા કારતુસ કિંમત રૂપિયા ૧૦૦/- મળી કુલ.રૂા.૫૧૦૦/-ના મુદ્દામાલ સાથે પોલીસ રેઈડ દરમ્યાન પકડાઈ જઈ મહેરબાન જિલ્લા મેજી.સાહેબશ્રીના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ધી.આર્મ્સ એકટની કલમ-૨૫(૧)(બી) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં |
| (૨) | આખરી હુકમ મુજબ. |

<u>કારણો અને ચર્ચા</u> :-

(૭) <u>મુદ્દા નં. (૧) અને (૨) :-</u>

(૭.૧) સદરહુ કામે આરોપીઓ વિરૂધ્ધ ધી.આર્મ્સ એકટની કલમ-૨૫(૧)(બી) મુજબનો ગુન્હો કર્યા અંગેનું તહોમત છે.ફરીયાદપક્ષે પોતાના પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.

(૭.૨) ફરીયાદપક્ષે આ કામે આંક-૨૦ થી પંચ સાહેદ નવલસિંહ અનોપસિંહ જાડેજા તથા આંક-૨૨ થી પંચ સાહેદ અરોરા મનીષકુમાર હરબંસલાલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને આંક-૨૧ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે તે સિવાય પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી. સદરહુ બંને પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર લખેલા કાગળમાં સહી કરેલ તે સિવાયની કોઈ હકીકત તેઓ જાણતા નથી.

(૭.૩) ત્યારબાદ આંક-૨૩ થી પંચસાહેદ ધનજીભાઈ હરજીભાઈ ભરાડાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ સોગંદ ઉપર ની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને આંક-૨૪ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે તે સિવાય પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી.સદરહુ બંને પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર લખેલા કાગળમાં સહી કરેલ તે સિવાયની કોઈ હકીકત તેઓ જાણતા નથી.

(૭.૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે આંક–૨૬થી ફરીયાદી દેવુસિંહ હાલુસિંહ ગઢીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.તેઓ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે,ગઈ તા.૦૬/૦૪/૨૦૧૪ ના રોજ અમો એલ.સી.બી.અરવલ્લી,મોડાસા ખાતે અ.હે.કો. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પો.ઈ.શ્રી પી.કે.પટેલ સાહેબની સાથે અમો તથા એલ.સી.બી.સ્ટાફના અ.પો.કો.શંકરજી ધુળાજી તથા વીરભદ્રસિંહ રણજીતસિંહ તથા નરેન્દ્રસિંહ પદમસિંહનાઓ તથા આશિર્વાદ નાથાભાઈ એ રીતેના શામળાજી પો.સ્ટે. વિસ્તારમાંાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન શામળાજી આશ્રમ ચાર રસ્તા નજીક જતા બાતમીદારથી બાતમી મળેલ કે શામળાજી આશ્રમ ચાર રસ્તા પાસે આવેલ દુધ ડેરીના શીતકેન્દ્રથી હનુમાનજીના મંદીર તરફ જતા કાચા રસ્તા ઉપર એક દાઢીવાળો ઈસમ જેને શરીરે સફેદ કોટી તથા કમરે ક્રિમ રંગની શાલ વીંટાળેલ છે તે ઈસમ ત્યાં ઉભેલ છે અને તેની પાસે એક ગેરકાયદેસર તમંચો કમરે શાલની નીચે છુપાવી રાખેલ છે અને તેને પહેરેલ કોટીના ખીસ્સામાં તે તમંચાના કાર્ટુસ રાખેલ છે તેવી માહીતી મળતા નજીકમાંથી બે પંચનામ ાણસો બોલાવી પંચોને બાતમી હકીકતથી વાકેફ કરી સાથેના ઉપરકોત માણસોનો પંચો સાથે પરીચય કરાવી તેમજ પંચોથી ઉપરોકત માણસોની અંગ જડતી તપાસ કરતા કોઈ ગુનાહીત ચીજવસ્તુ મળી આવેલ નહી તે પછી પંચો તથા આપ સાહેબની સાથે અમો તથા ઉપરોકત સ્ટાફના માણસો સાથે આશ્રમ ચાર રસ્તાથી ચાલતા નીકળી બાતમીવાળી જગ્યા એટલે કે આશ્રમ ચાર રસ્તા પાસે મોજે રૂદરડી ગામની સીમમાં શીત કેન્દ્રથી હનુમાજીના મંદીર તરફ જતા કાચા રસ્તા ઉપર એક દાઢીવાળો માણસ જેને શરીરે સફેદ રંગની કોટી તથા કમરે ક્રિમ રંગની શાલ વીંટાળેલ હતી,જે બાતમીવાળો ઈસમ હોય તે ઈસમને કોર્ડન કરી પકડી પાડેલ,જે ઈસમનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા તેને પોતાનુ નામ

રામદાસ સ/ઓફ કુતુલાલ અયોધ્યાદાસ ચૌહાણ, રહે.હરગાવ, તા.રામનગર, જી.સીતાપુર(યુ.પી.)અને હાલ રહે. રૂદરડી ,તા.ભિલોડાનો હોવાનુ જણાવેલ તેની અંગ જડતી કરતા તેને વીંટાળેલ શાલ નીચે કમરના ભાગે એક તમંચો સંતાડી રાખેલ મળી આવેલ તેમજ તેની કોટીના ખીસ્સામાંથી બે જીવતા કાર્ટુસ મળી આવેલા,જે દેશી તમંચો તથા કાર્ટુસ પોતાના અંગ કબજામાં રાખવા બાબત સદરી ઈસમ પાસે પાસ પરમીટ કે બીજો કોઈ આધાર હોય તો રજુ કરવા જણાવતા તેણે પોતાની પાસે કોઈ લાયસન્સ કે કોઈ આધાર નહી હોવાનુ જણાવેલ,જેથી સાથેના પો.કો. શંકરજીને શામળાજી પો.સ્ટે.થી શીલ તથા શીલનો સામાન લઈ આવવા સમજ કરી રવાના કર્યા.સદર ઈસમ પાસેથી મળી આવેલ દેશી તમંચો જોતા લાકડાના બટવાળો લોખંડનો જેના બટ ઉપર કાળા કલરની સેલો ટેપ લગાડેલ હતી જે તમંચો ચાલુ હાલતમાં હતો,જેનુ હેમર ખેંચી ટ્રીંગર દબાવી જોતા ફાયરીંગપીન કામ કરતી હતી,જેની બોડીના વચ્ચેના ભાગે સ્પ્રીંગવાળુ બટન તમંચો લોક કરવા તથા ખોલવા માટે હતુ જેનાથી તમંચો વચ્ચેથી ખુલતો હતો.જે તમંચાની બોડી તથા બેરલની લંબાઈ ૧૯ સેમી.ની તથા ફકત બેરલની લંબાઈ ૧૪ સે.મી.ની છે તેમજ બટની લંબાઈ ૯ સેમી.ની હતી જે બેરલનુ કલીબર અંદરના ભાગેથી માપી જોતા ૧ એક સી.મી.નુ હતુ,જે દરમ્યાન પો.કો. શંકરજી કોદરજી શીલનુ સામાન લઈ આવતા,સદર તમંચો એક પ્લાસ્ટીકના પારદર્શક ડબામાં મુકી ઢોકણ બંધ કરી તેના ઉપર આપ સાહેબ તથા પંચોની સહીઓવાળી કાપલી દોરાથી બાંધી તેના ઉપર લાખથી પી.એસ.આઈ. શામળાજી પો.સ્ટે.ના હોદ્દાવાળા ધાતુના સિકકા વડે શીલ કરેલ.દેશી તમંચાની કિ. રૂા. ૫૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે લીધેલ છે.

સદર રામદાસે પહેરેલ કોટીના ખીસ્સામાંથી બે જીવતા કાર્ટુસ મળી આવેલ હતા જે બંને જીતા કાર્ટુસ પીળી ધાતુના જોતા આગળના ભાગે અઢી

સેમી.નો ભાગ તાંબા અને શીશાનો પાતળો ભાગ છે જે કાર્ટુસના પાછળના ભાગે અંગ્રેજીમાં ૮ એમ.એઅ.કે.એફ. લખેલ હતુ.જે બંને કાર્ટુસ ૭.૫ સેમી. ના લંબાઈના જે બંને કાર્ટુસ એક પ્લાસ્ટીકની ડબીમાં મુકી ઢાંકણ બંધ કરી તેના ઉપર આપ સાહેબ તથા પંચોની સહીઓવાળી કાપલી દોરાથી બાંધી તેના ઉપર લાખથી પો.સ.ઈ.શ્રી શામળાજી પો.સ્ટે.ના હ્રોવાળા ધાતુના સિકકા વડે શીલ કરી જે એક કાર્ટુસની કિ. રૂા. ૫૦ લેખે બે કાર્ટુસની કિ. રૂા. ૧૦૦/– ગણી તપાસ અર્થે કબજે લીધેલ.સદર રામદાસ સ/ઓફ કુતુલાલ અયોધ્યાદાસ,મુળરહે. હરગાવ,તા. રામનગર, યુ.પી.,હાલ રહે. રૂદરડીનાઓને આ તમંચો તથા બે કાર્ટુસ પોતે કયાંથી અને કોની પાસેથી લાવેલ અને શુ કામ પાસે રાખેલ જે અંગે પુછતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નથી. આમ,સદરી ઈસમ પાસેથી દેશી તમંચો એક કિ.રૂા. ૫૦૦૦/– તથા બે જીવતા કાર્ટુસ કિ.રૂા. ૧૦૦/– મળી કુલ રૂા. ૫૧૦૦/– નો મુદ્દામાલ તપાસ અર્થે પંચનામાની વિગતે કબજે લીધેલ.જે અંગે બે પંચના। માણસો સાથે રાખી કલાક ૧૩:૦૦ થી ૧૪:૦૦ સુધી પંચનામુ કરી લીધેલ.જેથી સદરહુ રામદાસ સ/ઓફ કુતુલાલ અયોધ્યાદાસ,કુળ રહે. હરગાવ,તા.રામનગર, જી.સીતાપુર, યુ.પી.,હાલ રહે.રૂદરડી,તા.ભિલોડાનાઓને વગર લાયસન્સે પોતાના અંગ કબજામાં દેશી તમંચો નંગ–૧ કિ. રૂા.૫૦૦૦/ તાથ બે જીવતા કાર્ટુસ કિ.રૂા.૧૦૦/– મળી કુલ રૂા.૫૧૦૦/– નો મુદ્દામાલ ગેરકાયદેસર રીતે રાખી પોલીસની રેઈડ દરમ્યાન પકડાઈ ગયેલ.જેથી મે સદરહુ આરોપી વિરુધ્ધ આર્મ્સ એકટના કાયદા મુજબની ફરીયાદ આપેલી.જે અસલ ફરીયાદ મને બતાવવામાં આવે છે,તેમાં મારી સહી છે,જે રજુ દાખલ આંક–૨૭ આપવામાં આવે છે.આરોપીને જોયેથી ઓળખી શકુ કોર્ટમાં હાજર નથી.મને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકુ.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એવુ જણાવે

છે કે, , વાહન ચેકીંગમાં કેટલા વાગ્યા નીકળેલા તેનો સમય મારી ફરીયાદમાં જણાવેલો નથી. બનાવવાળી જગ્યાએ નેશનલ હાઈવે રોડ આવેલ છે તથા વાહનો તથા માણસોની અવર જવર રહે છે,ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી.આર્મ્સ એકટના કેસો કરવા માટે અમોને ટાર્ગેટ આપવામાં આવે છે. કે ઉપરી અધિકારીના કહેવાથી ખોટી ફરીયાદ આપેલી તથા કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ છે અને ખોટી જુબાની આપુ છુ.

(૭.૫) ત્યારબાદ આંક-૨૯ થી પંચસાહેદ ગોવિંદભાઈ સુરજીભાઈ ભરાડા ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને આંક-૩૦ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે તે સિવાય પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી. સદરહુ બંને પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર લખેલા કાગળમાં સહી કરેલ તે સિવાયની કોઈ હકીકત તેઓ જાણતા નથી.

(૭.૬) ફરીયાદપક્ષે આ કામે આંક-૩૧ થી સાહેદ એ.એસ.આઈ. વિરભદ્રસિંહ રણજીતસિંહને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ સોગંદ ઉપર ની સરતપાસમાં જણાવેલ છે કે,ગઈ તા.૦૬/૦૪/૨૦૧૪ ના રોજ અમો એલ.સી.બી.અરવલ્લી,મોડાસા ખાતે અ.પો.કો. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પો.ઈ.શ્રી પી.કે.પટેલ સાહેબની સાથે અમો તથા એલ.સી.બી.સ્ટાફના અ.પો.કો.શં કરજી ધુળાજી તથા અ.હે.કો.દેવુસિંહ હાલુસિંહ તથા નરેન્દ્રસિંહ પદમસિંહ નાઓ તથા આશિર્વાદ નાથાભાઈ એ રીતેના શામળાજી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન શામળાજી આશ્ર ચાર રસ્તા નજીક જતા

બાતમીદારથી બાતમી મળેલ કે શામળાજી આશ્રમ ચાર રસ્તા પાસે આવેલ દુધ ડેરીના શીતકેન્દ્રથી હનુમાનજીના મંદીર તરફ જતા કાચા રસ્તા ઉપર એક દાઢીવાળો ઈસમ જેને શરીરે સફેદ કોટી તથા કમરે ક્રિમ રંગની શાલ વીંટાળેલ છે તે ઈસમ ત્યાં ઉભેલ છે અને તેની પાસે એક ગેરકાયદેસર તમંચો કમરે શાલની નીચે છુપાવી રાખેલ છે અને તેને પહેરેલ કોટીના ખીસ્સામાં તે તમંચાના કાર્ટુસ રાખેલ છે તેવી માહીતી મળતા નજીકમાંથી બે પંચનામ ાણસો બોલાવી પંચોને બાતમી હકીકતથી વાકેફ કરી સાથેના ઉપરકોત માણસોનો પંચો સાથે પરીચય કરાવી તેમજ પંચોથી ઉપરોકત માણસોની અંગ જડતી તપાસ કરતા કોઈ ગુનાહીત ચીજવસ્તુ મળી આવેલ નહી તે પછી પંચો તથા આપ સાહેબની સાથે અમો તથા ઉપરોકત સ્ટાફના માણસો સાથે આશ્રમ ચાર રસ્તાથી ચાલતા નીકળી બાતમીવાળી જગયા એટલે કે આશ્રમ ચાર રસ્તા પાસે મોજે રૂદરડી ગામની સીમમાં શીત કેન્દ્રથી હનુમાજીના મંદીર તરફ જતા કાચા રસ્તા ઉપર એક દાઢીવાળો માણસ જેને શરીરે સફેદ રંગની કોટી તથા કમરે ક્રિમ રંગની શાલ વીંટાળેલ હતી,જે બાતમીવાળો ઈસમ હોય તે ઈસમને કોર્ડન કરી પકડી પાડેલ,જે ઈસમનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા તેને પોતાનુ નામ રામદાસ સ/ઓફ કુતુલાલ અયોધ્યાદાસ ચૌહાણ, રહે.હરગાવ, તા.રામનગર, જી.સીતાપુર(યુ.પી.)અને હાલ રહે.રૂદરડી, તા.ભિલોડાનો હોવાનુ જણાવેલ તેની અંગ જડતી કરતા તેને વીંટાળેલ શાલ નીચે કમરના ભાગે એક તમંચો સંતાડી રાખેલ મળી આવેલ તેમજ તેની કોટીના ખીસ્સામાંથી બે જીવતા કાર્ટુસ મળી આવેલા,જે દેશી તમંચો તથા કાર્ટુસ પોતાના અંગ કબજામાં રાખવા બાબત સદરી ઈસમ પાસે પાસ પરમીટ કે બીજો કોઈ આધાર હોય તો રજુ કરવા જણાવતા તેણે પોતાની પાસે કોઈ લાયસન્સ કે કોઈ આધાર નહી હોવાનુ જણાવેલ,જેથી સાથેના પો.કો. શંકરજીને શામળાજી પો.સ્ટે.થી શીલ તથા

શીલનો સામાન લઈ આવવા સમજ કરી રવાના કર્યા. સદર ઈસમ પાસેથી મળી આવેલ દેશી તમંચો જોતા લાકડાના બટવાળો લોખંડનો જેના બટ ઉપર કાળા કલરની સેલો ટેપ લગાડેલ હતી જે તમંચો ચાલુ હાલતમાં હતો,જેનુ હેમર ખેંચી ટ્રીગર દબાવી જોતા ફાયરીંગપીન કામ કરતી હતી,જેની બોડીના વચ્ચેના ભાગે સ્પ્રીંગવાળુ બટન તમંચો લોક કરવા તથા ખોલવા માટે હતુ જેનાથી તમંચો વચ્ચેથી ખુલતો હતો.જે તમંચાની બોડી તથા બેરલની લંબાઈ ૧૯ સેમી.ની તથા ફકત બેરલની લંબાઈ ૧૪ સેમી.ની છે તેમજ બટની લંબાઈ ૯ સેમી.ની હતી જે બેરલનુ કલીબર અંદરના ભાગેથી માપી જોતા એક સી.મી.નુ હતુ,જે દરમ્યાન પો.કો. શંકરજી કોદરજી શીલનુ સામાન લઈ આવતા,સદર તમંચો એક પ્લાસ્ટીકના પારદર્શક ડબામાં મુકી ઢોકણ બંધ કરી તેના ઉપર પો.ઈ.શ્રી પી.કે.પટેલ તથા પંચોની સહીઓવાળી કાપલી દોરાથી બાંધી તેના ઉપર લાખથી પી.એસ.આઈ. શામળાજી પો.સ્ટે.ના હોદ્દાવાળા ધાતુના સિકકા વડે શીલ કરેલ.દેશી તમંચાની કિ.રૂા.૫૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે લીધેલ છે.દર રામદાસે પહેરેલ કોટીના ખીસ્સામાંથી બે જીવતા કાર્ટુસ મળી આવેલ હતા જે બંને જીવતા કાર્ટુસ પીળી ધાતુના જોતા આગળના ભાગે અઢી સેમી.નો ભાગ તાંબા અને શીશાનો પાતળો ભાગ છે જે કાર્ટુસના પાછળના ભાગે અંગ્રેજીમાં ૮ એમ.એઅ.કે.એફ. લખેલ હતુ.જે બંને કાર્ટુસ ૭.૫ સેમી.ના લંબાઈના જે બંને કાર્ટુસ એક પ્લાસ્ટીકની ડબીમાં મુકી ઢાંકણ બંધ કરી તેના ઉપર આપ સાહેબ તથા પંચોની સહીઓવાળી કાપલી દોરાથી બાંધી તેના ઉપર લાખથી પો.સ.ઈ.શ્રી શામળાજી પો.સ્ટે.ના હોદ્દાવાળા ધાતુના સિકકા વડે શીલ કરી જે એક કાર્ટુસની કિ. રૂા. ૫૦ લેખે બે કાર્ટુસની કિ.રૂા. ૧૦૦/- ગણી તપાસ અર્થે કબજે લીધેલ. સદર રામદાસ સ/ઓફ કુતુલાલ અયોઘ્યાદાસ,મુળરહે. હરગાવ,તા. રામનગર, યુ.પી.,હાલ રહે. રૂદરડીનાઓને આ તમંચો તથા બે કાર્ટુસ પોતે કયાંથી અને કોની પાસેથી લાવેલ અને શુ કામ

પાસે રાખેલ જે અંગે પુછતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નથી,આમ સદરી ઈસમ પાસેથી દેશી તમંચો એક કિ.રૂા.૫૦૦૦/– તથા બે જીવતા કાર્ટુસ કિ.રૂા.૧૦૦/– મળી કુલ રૂા.૫૧૦૦/– નો મુદ્દામાલ તપાસ અર્થે પંચનામાની વિગતે કબજે લીધેલ.જે અંગે બે પંચના। માણસો સાથે રાખી કલાક ૧૩:૦૦ થી ૧૪:૦૦ સુધી પંચનામુ કરી લીધેલ.જેથી સદરહુ રામદાસ સ/ઓફ કુતુલાલ અયોઘ્યાદાસ,મુળ રહે. હરગાવ,તા.રામનગર,જી.સીતાપુર,યુ.પી.,હાલ રહે.રૂદરડી,તા.ભિલોડા નાઓને વગર લાયસન્સે પોતાના અંગ કબજામાં દેશી તમંચો નંગ–૧ કિ. રૂા. ૫૦૦૦/ તાથ બે જીવતા કાર્ટુસ કિ.રૂા.૧૦૦/– મળી કુલ રૂા.૫૧૦૦/– નો મુદ્દામાલ ગેરકાયદેસર રીતે રાખી પોલીસની રેઈડ દરમ્યાન પકડાઈ ગયેલ.જેથી સાથેના અ.હે.કો. દેવુસિંહ હાલુસિંહનાઓએ સદરહુ આરોપી વિરુઘ્ધ આર્મ્સ એકટના કાયદા મુજબની ફરીયાદ આપેલી.સદર કામે મારુ સ્ટેટમેન્ટ લેવામાં આવેલ. આરોપીને જોયેથી ઓળખી શકુ કોર્ટમાં હાજર નથી.મને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકુ.

આરોપી વિરૂઘ્ધ ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય ઉલટ તપાસ નથી.

(૭.૭) ફરીયાદપક્ષે આ કામે આંક–૩૩ થી સાહેદ એ.સી.પી. પ્રકાશચંદ્ર કાનજીભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ સોગંદ ઉપર ની સરતપાસમાં જણાવેલ છે કે,ગઈ તા.૬/૪/૧૪ ના રોજ હુ પો.ઈ. એલ.સી.બી. મોડાસા ખાતે ફરજ બજાવતો હતો અને મારી સાથે અમારા સ્ટાફના દેવુસિંહ હાલુસિંહ તથા પો.કો. શંકરજી ધુળાજી તેમજ અન્ય એલ.સી.બી. સ્ટાફના માણસો હતા અને શામળાજી આશ્રમ ચાર રસ્તા પાસે પુલ નીચે આવતા અમોને બાતમી મળેલ કે દુઘ ડેરી શીત કેન્દ્રની હનુમાન મંદીરના જતા રસ્તા ઉપર એક દાઢીવાળો ઈસમ સફેદ

કોટી તથા ક્રિમ કલરની કમરે સાલ વીટાળેલ છે તે ઈસમ પાસે ગેરકાયદેસર દેશી તમંચો તથા કાર્ટીસ રાખેલા છે.જે બાતમીના આધારે નજીકમાંથી બે પંચોને બોલાવી પંચોને ઉપરોકત હકીકતથી વાકેફ કર્યા અને પંચોએ સ્વખુશી બતાવતા પંચો રૂબરૂ એલ.સી.બી. સ્ટાફના માણસો સાથે સદર બાતમીવાળી જગ્યાએ જઈ આ ઈસમ હાજર હોય તેને કોર્ડન કરી પકડી લીધેલ અને પંચો રૂબરૂ આ ઈસમનુ નામ પુછતા પોતાનુ નામ રામદાસ સ/ઓફ કુત્તુલાલ અયોધ્યાદાસ ચૌહાણ, રહે.હરગાવ, તા.રામનગર, જી.સીતાપુર (યુ.પી.) અને હાલ રહે.રૂદરડી, તા.ભિલોડાનો હોવાનુ જણાવેલ અને તેની અંગજડતી કરતા વીંટાળેલ સાલની નીચે કમરના ભાગેથી સંતાડેલો દેશી તમંચો મળી આવેલ અને કોટીના ખીસ્સમાંથી બે જીવતા કાર્તુસ મળી આવેલા.સદરહુ ઈસમને હા હથીયાર રાખવા બાબતે પાસપરમીટ અને આધાર પુરાવા માંગતા તેને નહી હોવાનુ જણાવેલ.ત્યારબાદ પંચો રૂબરૂ આ દેશી તમંચો અને કાર્ટુસ પંચનામાની વિગતે કબજે કરેલા અને જે કબજે કરવા પો.સ.ઈ.શામળાજીના શીલનો ઉપયોગ કરેલ.ત્યારબાદ સદરહુ ઈસમ પાસે ગેરકાયદેસર હથીયાર મળી આવતા અમારી સાથેના સ્ટાફના અ.હે.કો. દેવુસિંહ હાલુસિંહ બ.નં. ૧૩૨૨ નાઓએ અમારા રૂબરૂની વિગતવારની ફરીયાદ આપેલી અને જે ફરીયાદ આધારે સુચિપત્રને આધારે પો.સ્ટે. અમલદાર શામળાજીનાઓએ ગુન્હો રજીસ્ટર કરી કાર્યવાહી કરવા રીપોર્ટ અમોએ કરેલ.

આ દેશી તમંચો જોતા લોખંડનો લાકડાના બટવાળો હતો અને તેની કુલ લબાંઈ ૧૯ સે.મી. ની હતી અને બેરલની લંબાઈ આશરે ૧૪ સે.મી.ની હતી. અને તેની ચકાસણી કરતા તે ચાલુ હાલતમાં હતો અને કાર્તુસ બે પીળી ધાતુના લંબાઈના અને જેના ઉપર (8 MM KF) પાછળના ભાગે લખેલ હતુ.સદર ગુનાના કામે આંક–૨૧ થી રજુ થયેલ પંચનામામાં પંચ નંબર–૧ માં નવલસિંહ અનોપસિંહ અને પંચ નં.૨ મનીષકુમાર હરબંસલાલની સહી છે અને

રૂબરૂમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. આરોપીને જોયે હું ઓળખી શકુ છુ.તપાસ કરનાર અમલદારે મારુ નીવેદન લીધેલ છે.

આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય ઉલટ તપાસ નથી.

(૮) આમ,ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો,આંક–૩૧ થી હે.કો.વિરભદ્રસિંહ રણજીતસિંહ નો પુરાવો જોવામાં આવે તો,તા.૦૬/૦૪/૨૦૧૪ ના રોજ અમો એલ.સી.બી.અરવલ્લી,મોડાસા ખાતે અ.પો.કો. તરીકે ફબજ બજાવતા હતા ત્યારે પો.ઈ.શ્રી પી.કે.પટેલ સાહેબની સાથે અમો તથા એલ.સી.બી.સ્ટાફના અ.પો.કો.શંકરજી ધુળાજી તથા અ.હે.કો.દેવુસિંહ હાલુસિંહ તથા નરેન્દ્રસિંહ પદમસિંહનાઓ તથા આશિર્વાદ નાથાભાઈ એ રીતેના શામળાજી પો.સ્ટે. વિસ્તારમાાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન શામળાજી આશ્ર ચાર રસ્તા નજીક જતા બાતમીદારથી બાતમી મળેલ કે શામળાજી આશ્રમ ચાર રસ્તા પાસે આવેલ દુધ ડેરીના શીતકેન્દ્રથી હનુમાનજીના મંદીર તરફ જતા કાચા રસ્તા ઉપર એક દાઢીવાળો ઈસમ જેને શરીરે સફેદ કોટી તથા કમરે ક્રિમ રંગની શાલ વીંટાળેલ છે તે ઈસમ ત્યાં ઉભેલ છે અને તેની પાસે એક ગેરકાયદેસર તમંચો કમરે શાલની નીચે છુપાવી રાખેલ છે અને તેને પહેરેલ કોટીના ખીસ્સામાં તે તમંચાના કાર્ટુસ રાખેલ છે તેવી માહીતી મળતા નજીકમાંથી બે પંચનામ ાણસો બોલાવી પંચોને બાતમી હકીકતથી વાકેફ કરી સાથેના ઉપરકોત માણસોનો પંચો સાથે પરીચય કરાવી તેમજ પંચોથી ઉપરોકત માણસોની અંગ જડતી તપાસ કરતા કોઈ ગુનાહીત ચીજવસ્તુ મળી આવેલ નહી તે પછી પંચો તથા આપ સાહેબની સાથે અમો તથા ઉપરોકત સ્ટાફના માણસો સાથે આશ્રમ ચાર રસ્તાથી ચાલતા નીકળી બાતમીવાળી જગયા એટલે કે આશ્રમ ચાર રસ્તા પાસે મોજે રૂદરડી ગામની સીમમાં શીત કેન્દ્રથી

હનુમાજીના મંદીર તરફ જતા કાચા રસ્તા ઉપર એક દાઢીવાળો માણસ જેને શરીરે સફેદ રંગની કોટી તથા કમરે  ક્રિમ રંગની શાલ વીંટાળેલ હતી,જે બાતમીવાળો ઈસમ હોય તે ઈસમને કોર્ડન કરી પકડી પાડેલ,જે ઈસમનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા તેને પોતાનુ નામ રામદાસ સ/ઓફ કુતુલાલ અયોધ્યાદાસ ચૌહાણ, રહે.હરગાવ, તા.રામનગર, જી.સીતાપુર(યુ.પી.)અને હાલ રહે.રૂદરડી, તા.ભિલોડાનો હોવાનુ જણાવેલ તેની અંગ જડતી કરતા  તેને વીંટાળેલ શાલ નીચે કમરના ભાગે એક તમંચો સંતાડી રાખેલ મળી આવેલ તેમજ તેની કોટીના ખીસ્સામાંથી બે જીવતા કાર્ટુસ મળી આવેલા,જે દેશી તમંચો તથા કાર્ટુસ પોતાના અંગ કબજામાં રાખવા બાબત સદરી ઈસમ પાસે પાસ પરમીટ કે બીજો કોઈ આધાર હોય તો રજુ કરવા જણાવતા તેણે પોતાની પાસે  કોઈ લાયસન્સ કે કોઈ આધાર નહી હોવાનુ જણાવેલ,જેથી સાથેના પો.કો. શંકરજીને શામળાજી પો.સ્ટે.થી શીલ તથા શીલનો સામાન લઈ આવવા સમજ કરી રવાના કર્યા. સદર ઈસમ પાસેથી મળી આવેલ દેશી તમંચો જોતા લાકડાના બટવાળો લોખંડનો જેના બટ ઉપર કાળા કલરની સેલો ટેપ લગાડેલ હતી જે તમંચો ચાલુ હાલતમાં હતો,જેનુ હેમર ખેંચી ટ્રીગર દબાવી જોતા ફાયરીંગપીન કામ કરતી હતી,જેની બોડીના વચ્ચેના ભાગે સ્પ્રીંગવાળુ બટન તમંચો લોક કરવા તથા ખોલવા માટે હતુ જેનાથી તમંચો વચ્ચેથી ખુલતો હતો.જે તમંચાની બોડી તથા બેરલની  લંબાઈ ૧૯ સેમી.ની તથા ફકત બેરલની લંબાઈ ૧૪ સેમી.ની છે તેમજ બટની લંબાઈ ૯ સેમી.ની હતી જે બેરલનુ કલીબર અંદરના ભાગેથી માપી જોતા એક સી.મી.નુ હતુ,જે દરમ્યાન પો.કો. શંકરજી કોદરજી શીલનુ સામાન લઈ આવતા,સદર તમંચો એક પ્લાસ્ટીકના પારદર્શક ડબામાં મુકી ઢોકણ બંધ કરી તેના ઉપર પો.ઈ.શ્રી પી.કે.પટેલ તથા પંચોની સહીઓવાળી કાપલી દોરાથી બાંધી તેના ઉપર લાખથી પી.એસ.આઈ. શામળાજી પો.સ્ટે.ના હોદ્દાવાળા ધાતુના સિકકા

વડે શીલ કરેલ.દેશી તમંચાની કિ. રૂા. ૫૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે લીધેલ છે.સદર રામદાસે પહેરેલ કોટીના ખીસ્સામાંથી બે જીવતા કાર્ટુસ મળી આવેલ હતા જે બંને જીવતા કાર્ટુસ પીળી ધાતુના જોતા આગળના ભાગે અઢી સેમી.નો ભાગ તાંબા અને શીશાનો પાતળો ભાગ છે જે કાર્ટુસના પાછળના ભાગે અંગ્રેજીમાં ૮ એમ.એમ.કે.એફ. લખેલ હતુ.જે બંને કાર્ટુસ ૭.૫ સેમી.ના લંબાઈના જે બંને કાર્ટુસ એક પ્લાસ્ટીકની ડબીમાં મુકી ઢાંકણ બંધ કરી તેના ઉપર આપ સાહેબ તથા પંચોની સહીઓવાળી કાપલી દોરાથી બાંધી તેના ઉપર લાખથી પો.સ.ઈ.શ્રી શામળાજી પો.સ્ટે.ના હોદ્દાવાળા ધાતુના સિકકા વડે શીલ કરી જે એક કાર્ટુસની કિ. રૂા. ૫૦ લેખે બે કાર્ટુસની કિ.રૂા. ૧૦૦/– ગણી તપાસ અર્થે કબજે લીધેલ. સદર રામદાસ સ/ઓફ કુતુલાલ અયોધ્યાદાસ,મુળરહે. હરગાવ,તા. રામનગર, યુ.પી.,હાલ રહે. રૂદરડીનાઓને આ તમંચો તથા બે કાર્ટુસ પોતે કયાંથી અને કોની પાસેથી લાવેલ અને શુ કામ પાસે રાખેલ જે અંગે  પુછતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નથી,આમ સદરી ઈસમ પાસેથી દેશી તમંચો એક કિ.રૂા. ૫૦૦૦/– તથા બે જીવતા કાર્ટુસ કિ.રૂા. ૧૦૦/– મળી કુલ રૂા. ૫૧૦૦/– નો મુદ્દામાલ તપાસ અર્થે પંચનામાની વિગતે કબજે લીધેલ.જે અંગે બે પંચના માણસો સાથે રાખી કલાક ૧૩:૦૦ થી ૧૪:૦૦ સુધી પંચનામુ કરી લીધેલ.જેથી સદરહુ રામદાસ સ/ઓફ કુતુલાલ અયોધ્યાદાસ,મુળ રહે. હરગાવ,તા. રામનગર, જી.સીતાપુર, યુ.પી., હાલ રહે.રૂદરડી,તા.ભિલોડાનાઓને વગર લાયસન્સે પોતાના અંગ કબજામાં દેશી તમંચો નંગ–૧ કિ. રૂા. ૫૦૦૦/ તાથ બે જીવતા કાર્ટુસ કિ.રૂા.૧૦૦/– મળી કુલ રૂા.૫૧૦૦/– નો મુદ્દામાલ ગેરકાયદેસર રીતે રાખી પોલીસની રેઈડ દરમ્યાન પકડાઈ ગયેલ.જેથી સાથેના અ.હે.કો. દેવુસિંહ હાલુસિંહનાઓએ  સદરહુ આરોપી વિરુધ્ધ આર્મ્સ એકટના કાયદા મુજબની ફરીયાદ આપેલી.સદર કામે મારુ સ્ટેટમેન્ટ લેવામાં આવેલ. આરોપીને

જોયેથી ઓળખી શકુ કોર્ટમાં હાજર નથી.મને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકુ.બચાવપક્ષે બચાવ લેવામાં આવેલ છે કે,વાહન ચેકીંગમાં કેટલા સમયે નીકળેલા તેનો સમય ફરીયાદીની ફરીયાદમાં જણાવેલ નથી.બનાવવાળી જગ્યા નેશનલ હાઈવે છે અને ઘણા બધા વાહનોની અવર જવર રહે છે.ફરીયાદમાં પંચોના નામ જણાવેલા નથી. આમ, ફરીયાદ હકીકત બાબતે શંકા ઉપજે છે. ત્યારબાદ આંક–૨૦ થી પંચસાહેદ નવલસિંહ અશોકસિંહ તથા આંક–૨૨ થી પંચ સાહેદ અરોરા મનીષકુમાર હરબંસલાલ તથા આંક–૨૩ થી ધનજીભાઈ હરજીભાઈ તથા આંક–૨૯ થી પંચસાહેદ ગોવિંદભાઈ સુરજીભાઈ કે જેઓ મુદ્દામાલ તમંચો અને કારતુસ કબજે કર્યા અંગેના પંચનામાના પંચસાહેદો છે તેઓને સોગંદ પર તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદોએ આંક–૨૧ તથા આંક–૨૪ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે તે સિવાય પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી. સદરહુ બંને પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર લખેલા કાગળમાં સહી કરેલ તે સિવાયની કોઈ હકીકત તેઓ જાણતા નથી. આમ, પંચ સાહેદોના પુરાવાથી એ હકીકત સાબીત થતી નથી કે,પંચોની હાજરીમાં આરોપીના કબજામાંથી તમંચો અને કારતુસ કબજે કરવામાં આવેલ હોય, આમ, આ કામે રજુ થયેલ આંક–૨૧ તથા આંક–૨૪ વાળા પંચનામાની હકીકતો સાબીત થયેલ નથી.આંક– ૨૬ થી ફરીયાદી દેવુસિંહ હાલુસિંહ તથા આંક–૩૩ થી સાહેદ પ્રકાશચંદ્ર કાનજીભાઈનાઓનો પુરાવો જોઈએ તો તેઓએ કરેલ તપાસને અનુરૂપ પુરાવો આપેલ છે અને ફરીયાદ હકીકતને સમર્થન આપવાનો પ્રયત્ન કરેલ છે.આમ,આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદો પોલીસ સાહદો છે અને તે ફરીયાદ પક્ષને હિત ધરાવતા સાહેદો છે.પંચોએ પંચનામાની

હકીકતને સમર્થનકરેલ નથી.ફરીયાદી કે પોલીસ સાહેદ છે તે પણ સ્વીકારે છે કે ફરીયાદમાં પંચોના નામ–સરનામા જણાવેલ નથી. ત્યારે આવા શંકાસ્પદ પુરાવાથી આરોપી સામેનો કેસ નિ:શંક પણ પુરવાર થતો નથી.

(૯) જયારે ૨૦૦૩, એસ.એ.આર.(ક્રિમિનલ), ૪૨૭ પરનો ચુકાદો છે. જે ચુકાદામાં ભારતીય પુરાવા કાયદાની કલમ–૨૭ ની ચર્ચા કરતાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, સ્વતંત્ર પંચ સાહેદોથી સમર્થન મળવું જોઈએ. વધુમાં ૨૦૦૩, એસ.એ.આર. (ક્રિમિનલ), ૩૭૭ પરનો નામદાર સર્વોચ્ચ અદાલતની નામદાર ડીવી. બેન્ચનો ચુકાદો નમ્રપણે વંચાણે લેતા,જે ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે આરોપી ધ્વારા કરવામાં આવેલ અપીલ મંજુર કરતાં નોંધેલ છે કે, માત્ર પોલીસ સાહેદોનાં પુરાવા આધારે આવા ગંભીર ગુનાનાં કેસનો નિર્ણય થઈ શકે નહી. નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, પોલીસ સાહેદોનો પુરાવો છે તે માનવા પાત્ર, ભરોસા પાત્ર નથી. હાલનાં કામે પણ પોલીસ સાહેદોનો પુરાવો ઉપર ચર્ચા કરી તેમ લેશમાત્ર વિશ્વાસ પાત્ર, ભરોસા પાત્ર નથી. આ સંજોગોમાં જયારે સ્વતંત્ર પંચસાહેદોએ સમર્થન આપેલ નથી તેવા કિસ્સામાં પોલીસ સાહેદનાં પુરાવા આધારે આરોપીને સજા કરી શકાય નહી. તે જ રીતે ૧૯૯૫, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમિનલ), ૭૦૮ પરનો ચુકાદો વંચાણે લેતા ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, સ્વતંત્ર પંચ સાહેદોનો પુરાવો વિશ્વાસપાત્ર, માનવા લાયક હોવો જોઈએ અને તેવા સાહેદોનાં પુરાવાથી સમર્થન મળવું જોઈએ. વધુમાં ૨૦૦૦(૧), ક્રાઈમ્સ, ૩૩ પરનો નામદાર મધ્ય પ્રદેશ હાઈકોર્ટનો

ચુકાદો નમ્રપણે વંચાણે લેતા,જે ચુકાદામાં આરોપી દ્વારા કરવામાં આવેલ સજા સામેની અપીલ મંજુર કરેલ.

(૧૦) આ કામે રજુ થયેલ આરોપીના અટક પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને આરોપી પાસેથી મુદ્દામાલ હથીયાર કબજે કરેલાની હકીકતને પંચોના પુરાવાથી સમર્થન મળતુ નથી.જો કે આ કામે તપાસ દરમ્યાન આ કામના આરોપીએ બનાવ સમયે ઉપયોગમાં લીધેલ હથીયાર કબજે કરેલાની હકીકતને પંચોના પુરાવાથી સમર્થન મળતુ નથી.

હાલનાં કિસ્સામાં પણ ઉપર ચર્ચા કરી તેમ પોલીસ સાહેદોનો પુરાવો વિશ્વાસ પાત્ર,માનવા લાયક નથી તે પુરાવાને સંજોગોથી પણ સમર્થન મળતું ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. ફરીયાદ પક્ષના પુરાવાઓનું મુલ્યાંકન આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ત્હોમત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. આવા સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.ઉપરોકત તમામ ચર્ચા મુજબ મુદ્દા નં.(૧) નો જવાબ ''નકાર''માં આપી મુદ્દા નં.(૨) પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// <u>આ ખ રી હુ ક મ</u> //

(૧) આરોપી રામદાસ સ/ઓ કુતુલાલ અયોધ્યાદાસ ચૌહાણ રહે.હરગાવ,તા.રામનગર,જી.સીતાપુર(ઉતરપ્રદેશ),હાલ હાલ.રહે. રૂદરડી.તા.ભિલોડા,જી.અરવલ્લીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:-૨૫૫(૧)અન્વયે ધી. આર્મ્સ એકટની કલમ-૨૫(૧)(બી) મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ

કરવામાં આવે છે.

(૨) આરોપીના અગાઉના જામીન ખત અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

(૩) મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ તમંચો અને કારતુસ અપીલ સમય વીત્યાબાદ એસ.પી.શ્રી,મોડાસાના અધિકાર તળેના આર્મ્સ અને એમ્યુનેશન વિભાગને યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપવો.

હુકમ આજ રોજ તા.૦૯ મી,માહે–એપ્રિલ,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૯/૦૪/૨૦૨૬
મુકામ: ભીલોડા

(તુષારકુમાર વીરાભાઈ પરમાર)
એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
UID CODE GJ01084